## સુચીત પક્ષકારો દ્રારા સી.પી.સી ઓર્ડર ૨૨ રૂલ ૩ તથા ઓર્ડર ૧ રૂલ ૧૦ હેઠળ આપેલી આંક–૧૪૪ ની અરજી નીચે હુકમ:–

---

(૧) સુચીત પક્ષકારો દ્રારા સી.પી.સી ઓર્ડર ૨૨ રૂલ ૩ તથા ઓર્ડર ૧ રૂલ ૧૦ હેઠળ હાલની અરજી આપીને એવી રજુઆત કરવામાં આવેલી છે કે, ગુજરનાર કાંતીલાલ ગોકળદાસ પંડયા પરીવારના સભ્યોના હીત માટે તથા બધા જ સભ્યોની સંયુકત મિલ્કતના હકકોના રક્ષણ માટે પરીવારના સૌથી મોટા સભ્ય યાને પરીવારના કર્તાએ, પ્રતિવાદીઓ વિરૂઘ્ધ હાલનો દાવો કરેલો હતો. જે દાવો ચાલતા દરમ્યાન વાદીનું તા.૨૫/૧૨/૨૧ ના રોજ અવશાન થયેલ હોય સુચીત પક્ષકારો દ્રારા હાલની અરજી કરવામાં આવેલી છે. તેઓ દ્રારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, દાવા અરજીમાં લેવામાં આવેલી તકરારો ઘ્યાને લેતા દાવાનું કારણ હાલના પક્ષકારોની તરફેણમાં રમેશભાઈ કાંતીલાલ પંડયાના અવશાન બાદ પણ યથાવત રહે છે, જેથી ગુજરનાર રમેશભાઈ કાંતીલાલ પંડયાના અવશાન બાદ પણ સુચીત પક્ષકારોનો વિવાદીત મીલ્કતમાં હકક,હીત,હીસ્સો સમાયેલો હોય તેઓના હાલના કામમાં જોડવા અરજ કરી અરજીમાં દર્શાવેલા કુલ–૭ પક્ષકારોએ દાવાના કામે વાદી તરીકે જોડવા વિનંતી કરેલી છે.

(૨) સુચીત પક્ષકારોની હાલની અરજી અનુસંઘાને પ્રતિવાદી નં.૧ દ્રારા આંક–૧૫૨ થી વાંઘા જવાબ રજુ કરવામાં આવેલા છે. જે વાંઘા જવાબમાં પ્રતિવાદી નં.૧ દ્રારા એવી તકરાર લેવામાં આવેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ આંક–૧૮ થી રજુ કરેલા દાવા જવાબમાં પ્રર્થમથીજ વાદીના દાવાને જરૂરી પક્ષકારોની ખામીનો બાઘ નડતો હોવાનો બચાવ લીઘેલો છે. તેમજ તે બચાવ ને ઘ્યાને લઈને આ કોર્ટ દ્રારા આંક–૩૭ થી ઘડવામાં આવેલા મુદાઓમાં પણ તે મુદો, મુદા નં.૮ તરીકે ઘડેલો છે. પ્રતિવાદી નં.૧ દ્રારા

વધુમાં રજુઆત કરવામાં આવેલી છે કે, વાદીના દાવાને જરૂરી પક્ષકારની ખામીનો બાધ નડતો હોવાની પ્રતિવાદી નં.૧ ની મે ૨૦૨૧ થી જાણ હોવા છતા વાદી પક્ષે જરૂરી પક્ષકારો જોડેલા નથી અને હાલના વાદીનો પુરાવો પુરો થયા સુધી આવા પક્ષકારો જોડાયેલા નથી. તેઓ દ્રારા વધુમાં તકરાર લેવામાં આવેલી છે કે, વિવાદીત મીલ્કત ગુજરનાર કાંતીલાલ પંડયાના એચ.યુ.એફની માલીકીની હોવાનું દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલો નથી ત્યારે ગુજરનાર રમેશભાઈ કાંન્તીભાઈ પંડયા ના ભાઈ ગુજરનાર હર્ષદભાઈ કાન્તીભાઈ પંડયા કે જેઓ મુળ દાવામાં પક્ષકાર ન હતા તેઓના વારસોને હાલના કામે જોડી શકાય નહી અને જો તેઓને જોડવામાં આવેતો, પ્રતિવાદી નં.૧ દ્રારા શરૂઆતથી લેવામાં આવેલ બચાવ કે 'વાદીના દાવાને જરૂરી પક્ષકારોની ખામીનો બાધ નડે છે' તે બચાવ બીન અસર થાય છે અને તેથી પ્રતિવાદી નં.૧ ને પ્રેઝયુડાઈસ થાય છે. પ્રતિવાદી નં.૧ દ્રારા પોતાન દલીલ દરમ્યાન એવી હકીકત જણાવવામાં આવેલી છે કે, ગુજરનાર રમેશભાઈ કાંતીલાલ પંડયાના અવશાન બાદ તેમના કાયદેસરના વારસોને જોડવા સામે પ્રતિવાદી નં.૧ ને કોઈ તકરાર નથી, પરંતુ ગુજરનાર હર્ષદભાઈ કાંતીલાલ પંડયાના વારસો ને જોડી શકાય નહી કારણ કે ગુજરનાર હર્ષદભાઈ કાંતીલાલ પંડયા મુળ દાવામાં પણ પક્ષકાર હતા નહી. જેથી તેઓને ગુજરનાર રમેશભાઈ કાંતીલાલ પંડયાના લીગર રીપ્રેઝન્ટેટવ તરીકે નહી જોડવા વિનંતી કરેલી છે.

વાદીની અરજી બાબતે પ્રતિવાદી નં.ર પક્ષ દ્રારા કોઈ વાંધા તકરાર લેવામાં આવેલી નથી.

(૩) તમામ રજુઆતો અને સી.પી.સીની લાગુ પડતી જોગવાઈઓ ધ્યાને લીધી તથા પક્ષકારોના પ્લીડીંગ ધ્યાને લીધા.

આ કામના વાદીની દાવા અરજી વંચાણે લેવામાં આવેતો, વાદીએ પોતાની

દાવા અરજીના પારા–૧ માં જણાવેલ છે કે, '' **નારાયણ ગેસ્ટ હાઉસ કાળવા ચોક વાળી મિલ્કત અમારા પિતાશ્રી ના નામની આવેલી છે**. અમારા પરીવારની સદરહુ મીલ્કતમાં આવેલ ગેસ્ટ હાઉસનું લાયસન્સ અમારા નામનું આવેલ છે અને **અમો સદરહુ મિલ્કતનું ગેસ્ટ હાઉસ અમાર કુટુંબના મુખ્ય કર્તા વ્યકિત તરીકે અમો સંચાલન કરીએ છીએ** અને સદરહુ અમારા ગેસ્ટ હાઉસમાં અમારી સાથે અમારા પુત્ર તથા અમારા કુટુંબના સભ્યો વહીવટ વ્યવસ્થામાં કાર્યરત છે. **અમો વાદી ગુજ.કાંતીલાલ ગોકળદાસ પંડયા કુટુંબના સૌથી મોટા પુત્ર–કર્તા છીએ. અમારા કુટુંબ હસ્તક કાળવા ચોકમાં આવેલ નારાયલ ગેસ્ટ હાઉસ નામથી ઓળખાતુ ગેસ્ટ હાઉસ આવેલ છે**.'' આમ, મુળ ગુજરનાર વાદી રમેશચંદ્ર કાંતીલાલ પંડયાનું પ્લીડીંગ ધ્યાને લેવામાં આવેતો, તેઓ પ્રર્થમથીજ વિવાદીત મિલ્કત તેમના પિતા ગુજરનાર કાંતીલાલ પંડયાના નામની હોવાનું અને પોતે કુટુંબના સૌથી મોટા પુત્ર–કર્તા તરીકે અને મીલ્કત અંગેનું લાયસન્સ તેઓના નામે હોવાથી તે હેસીયતથી દાવો લાવેલાનો ઉલ્લેખ કરેલો છે. સમાન્ય રીતે જયારે કુટુંબના કર્તા, કુટુંબની કોઈ મીલ્કતના હીતના રક્ષણ માટે દાવો લાવે ત્યારે તે કુટુંબના અન્ય સભ્યો દાવાના પ્રોપર પાર્ટી બનતા હોય છે, પરંતુ દરેક કિસ્સામાં તે નેસેસરી પાર્ટી હોયજ તેવુ આવશ્યક હોતુ નથી. સંયુંકત કુટુંબના કોઈ સભ્યો દાવામાં નેસેસરી પાર્ટી છે કે કેમ તે દરેક દાવાના પ્લીડીંગ, માંગવામાં આવેલી દાદ અને તે દાદ મંજુર કરવાથી ઉદભવી શકતા પરીણામોના આધારે નિયત કરવાનું હોય છે.

વધુમાં હાલનો દાવો વંચાણે લેવામાં આવેતો, ગુજરનાર રમેશભાઈ કાંતીલાલ પંડયાના અવશાન બાદ પણ વિવાદીત મીલકત અંગેના કાનુની અધિકારો અંગે દાવાનું કારણ ચાલુ રહે છે. વધુમાં વિવાદીત મીલ્કત દાવો લાવનારના પિતા કાંતીલાલ પંડયાના નામે હોય, તેવી મીલ્કતમાં જયાં સુધી વિભાજન થયેલ ન હોય

ત્યાં સુધી ગુજરનાર કાંતીલાલ પંડયાના તમામ વારસદારોનો હક–હીસ્સો રહેતો હોય છે, જે ધ્યાને લેતા પણ ગુજરનાર હર્ષદભાઈ કાન્તીલાલ પંડયાના વારસોનો પણ વિવાદીત મીલ્કતમાં હીત–હીસ્સો છે. વધુમાં દાવો લાવનાર ગુજરનાર રમેશચંદ્ર કાંતીલાલ પંડયાએ, ગુજરનાર કાંતીલાલ પંડયાની મીલ્કત અંગે કુટુંબના કર્તા તરીકેની હેસીયતથી દાવો કરેલો છે ત્યારે તેમના અવશાન બાદ માત્ર ગુજરનાર રમેશચંદ્ર કાંતીલાલ પંડયાના વારસોજ નહી પરંતુ ગુજરનાર કાંતીલાલ પંડયાના તમામ વારસો હીત ધરાવતા હોય દાવામાં જોડાઈ શકે છે.

વધુમાં હાલની અરજી સી.પી.સી ઓર્ડર ૧ રૂલ ૧૦ અને ઓર્ડર ૨૨ રૂલ ૩ નીચે છે ત્યારે તે કાનુની જોગવાઈ ધ્યાને લેવામાં આવેતો, તે નીચે મુજબ છે.

> **(2) Court may strike out or add parties.-** The Court may **at any stage of the proceedings,** either upon or court may without the application of either party, and on such terms as may appear to the Court to be just order that the name of any party improperly joined, whether as plaintiff or defendant, be struck out, and **that the name of any person who ought to have been joined, whether as plaintiff or defendant, or whose presence before the Court may be necessary in order to enable the Court effectually and completely to adjudicate upon and settle all the questions involved in the suit, be added.**

ઉપરોકત જોગવાઈ મુજબ દાવાના કોઈ પણ તબકકે, દાવાના અસરકારક અને આખરી નિર્ણય માટે આવશ્કય કોઈ તેવા કોઈ પણ પક્ષકારને વાદી કે પ્રતિવાદી તરીકે જોડવાનો

હુકમ થઈ શકે છે. જેથી હાલના દાવામાં સંડોવાયેલી મીલ્કતમાં સુચીત પક્ષકારોનો હકક–હીસ્સો સમાયેલો હોય તેઓને દાવામાં જોડવા અવશ્યક છે.

વધુમાં પ્રક્રિયાત્મક કાયદાની જોગવાઈ અંગે વિચાર કરવામાં આવેતો, પ્રક્રિયાત્મક કાયદાનો ઉપયોગ સંપુર્ણ ન્યાય કરવા માટેના સાધન (હાથ) તરીકે કરવાનો છે, નહી કે સંપુર્ણ ન્યાય કરવામાં બાધક યાંત્રીક અર્થઘટન કરીને. હાલના કેસમાં પ્રતિવાદી નં.૧ દ્રારા દાવાને જરૂરી પક્ષકારની ખામીનો બાધ નડે છે તેવો બચાવ લીધેલ હોવા માત્રથી સુચીત પક્ષકારને કાયદા દ્રારા આપવામાં આવેલ પક્ષકાર તરીકે જોડવાના અધિકારનો ઉપયોગ કરતા રોકી શકાય નહી. તે સિવાય પ્રતિવાદીએ જરૂરી પક્ષકારની ખામીનો બાધ નડતો હોવાનો બચાવ લીધેલ હોય તો ત્યાર બાદના તબકકે જરૂરી પક્ષકાર જોડી શકાય નહી તેવો કાયદામાં કોઈ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ નથી. તેમજ સ્થાપીત જોગવાઈ મુજબ દાવાનો આખરી નિર્ણય ગુણદોષ પર થવો જોઈને નહી કે ટેકનીકાલીટીને ઝડતાથી પકડીને યાંત્રીક નિકાલ કરવામાં આવે.

વધુમાં પ્રતિવાદીની રજુઆત મુજબ વિવાદીત મીલ્કત એચ.યુ.એફની મીલ્કત હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી તે અંગે વિચાર કરવામાં આવેતો, તે અંગે હાલની અરજીમાં કોઈ નિર્ણય કરવો દાવાના આખરી નિર્ણયને વિપરીત રીતે અસર કરી શકે તેમ હોવાથી તે અંગે કોઈ અભિપ્રાય આપવામાં આવતો નથી, પરંતુ માત્ર વાદીના પ્લીડીંગ પરથી સ્પષ્ટ થતી વિગત પર આધાર રાખવામાં આવે છે.

જે તમામ ધ્યાને લેતા ગુજરનાર રમેશ કાંન્તીલાલ પંડયા દ્રારા કુટુંબના કર્તાની હેસીયત દર્શાવીને જે મીલ્કત ના અધિકારો અંગે હાલનો દાવો કરવામાં આવેલ છે, તે મીલ્કત અનુસંધાને રમેશ કાન્તીલાલ પંડયાના અવશાન બાદ પણ દાવાનું કારણ ચાલુ રહેતુ હોય અને અરજીમાં દર્શાવેલા તમામ પક્ષકારો મીલ્કતના મુળ માલીક કાન્તીલાલ પંડયાના વારસદારો તરીકે દાવા વાળી મીલ્કત અંગેના અધિકારમાં હીત ધરાવતા હોય

તેઓને દાવામાં પક્ષકાર તરીકે જોડવા ન્યાયીક જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

સુચીત પક્ષકારોની હાલની અરજી મંજુર કરવામાં આવે છે. અરજીમાં દર્શાવેલા તમામ પક્ષકારોને સી.પી.સી ઓર્ડર ૧ રૂ.૧૦ તથા ઓર્ડર ૨૨ રૂ.૩ ની જોગવાઈ સંયુકત રીતે વંચાણે લઈ વાદી તરીકે જોડવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ મુજબ દાવા અરજીમાં સુધારો કરવો અને સુધારેલ દાવા અરજી તા.૧૨ જાન્યુ ૨૦૨૨ ના રોજ રજુ કરવી.

હુકમ આજરોજ તા.૧૦/૦૧/૨૦૨૨ ના ખુલ્લી કોર્ટ માં જાહેર કર્યા.

સ્થળઃ- જુનાગઢ
તારીખઃ- ૧૦/૦૧/૨૦૨૨

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ
GJ00809